દાખલ તા. ૦૫/૦૩/૨૦૨૬
ફેસલ તા. ૧૧/૦૩/૨૦૨૬
અવધિ:–
દિવસ–૦૬, માસ–૦૦, વર્ષ–૦૦

**ગાંધીનગર જિલ્લાના છઠા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ, મુકામ–ગાંધીનગર**

**ફોજદારી પરચુરણ અરજ નં. ૩૬૬/૨૦૨૬**

**આંક : ૦૯**

**અરજદારો:– ૧) ઈસ્માઈલભાઈ બડુભાઈ પરમાર,**
ઉ.વ.૬૯, ધંધો: વેપાર,
રહે. ફ્લેટ નં.૭૬, ધી ઉમંગ
કો.ઓ.હા.સર્વિસ સોસાયટી લી., વહેલાલ,
તા.દસક્રોઈ, જિ.અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:– ૧) શ્રી સરકાર**

---

**બાબત:– બી.એન.એસ.એસ. કલમ–૪૮૨ મુજબની આગોતરા જામીન અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી વાય.કે.દવે**
**સામાવાળા તરફે વિધ્વાન એડી.જી.પી.શ્રી એચ.એન.રાવલ**

---

**–:: હુકમ ::–**

(૧) અરજદાર દ્વારા હાલની અરજી બીએનએસએસ ની કલમ 482 પ્રમાણે આગોતરા જામીન ઉપર મુક્ત થવા માટે રજૂ કરવામાં આવી છે. અરજદાર સામે દહેગામ પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર 11216005250816–


*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

2025 થી ગુનો નોંધાયેલો છે. જે ગુનો બીએનએસ ની કલમ 109(1), 326(જી), 189(2) 189(4), 191(2) 191(3), 190, 324(3) 324 (5), 351(3), 352, 125(એ), 118(1), 61(2), 3(5) તથા સાર્વજનિક મિલકતોને નુકસાન અટકાવવાનો અધિનિયમની કલમ-૩ મુજબના ગુના માટે નોંધાયેલ છે. જેમા અરજદારની ધરપકડ કરવામાં આવેલી છે.

આ કામે અન્ય આરોપીઓ સામે ગુનાની તપાસ પૂરી થઈ ચૂકી છે પોલીસે ચાર્જશીટ રજૂ કરી દીધું છે. હાલના અરજદાર સામે ચાર્જશીટ રજૂ થવું બાકી છે.

## 2. ગુનાની ટૂંકમાં વિગત:

આ ગુનાની ટૂંકમાં વિગત એવી છે કે, તારીખ 24 સપ્ટેમ્બર 2025 ના રોજ રાત્રે 10:30 વાગ્યાના સુમારે બહિયલ ગામના નારાયણ ચોકમાં બનાવ બન્યો હતો. સાક્ષી હિતેશભાઈ પટેલે તેના મોબાઈલ ફોનમાં "આઈ લવ મહાદેવ" એવું સ્ટેટસ મૂકેલું હતું. આ બાબતને લઈને હિન્દુઓ અમારી નકલ કરે છે તેમ વિચારીને એક સંપ થઈને ગુનાહિત કાવતરું રચીને, ગેરકાયદેસર મંડળી બનાવીને, પોતાના હાથમાં પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને અરજદાર અને બીજા ૨૦૦ જેટલા માણસો નારાયણ ચોકમાં આવ્યા હતા. ત્યાં સાક્ષીઓની માલિકીની દુકાનો જેમાં જૈનિલ ઝેરોક્ષ, નવદુર્ગા ઇલેક્ટ્રિક સ્ટોર, જય બોલે કિરાણા સ્ટોર, પાર્થ ઈલેક્ટ્રિક વગેરે દુકાનોને આગચંપી કરી હતી. આ ઉપરાંત કેટલાક વાહનોને પણ નુકસાન કર્યું હતું, ફોર વીલ ગાડીઓને નુકસાન કરવામાં આવ્યું હતું. આ બનાવ વખતે ફરિયાદી સૌનકને માથાના ભાગે પાઇપથી ઈજા પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત ચિરાગભાઈ પટેલ, વેદાંત પટેલ, ભાવેશભાઈ બારોટ વગેરેને પણ લાકડી અને પાઈપ જેવા હથિયારો વડે માર મારવામાં આવ્યો હતો. આમ આરોપીઓ દ્વારા ગેરકાયદેસર મંડળી રચીને આ ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો.



*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

વધુમાં ફરિયાદ પક્ષના કેસમાંથી એવી હકીકતો પણ બહાર આવે છે કે આ બનાવ વખતે પોલીસ આ ઘટના સ્થળે આવી તે વખતે પોલીસ ઉપર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસના વાહનોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફાયર બ્રિગેડનું સરકારી વાહન આગ બુઝાવવા માટે સ્થળ ઉપર આવ્યું તેને પણ રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અને તેને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

## દલીલો :

**3.** વિદ્વાન વકીલશ્રી દ્વારા વિદ્વત્તા પૂર્ણ રજૂઆત કરવામાં આવી છે કે, આરોપીએ કોઈ ગુનો કર્યો નથી. જે વખતે આ બનાવ બન્યો તે વખતે આરોપી હાજર ના હતા. એક જ કોમના માણસોએ ખોટી રીતે આરોપીને આ બનાવમાં સંડોવી દેવામાં આવ્યા છે. આ બનાવમાં એફ આઈ આર જોવામાં આવે તો આરોપીનો કોઈ રોલ નથી. માત્ર ૨ જણાના હાથમા પાઈપ અને ૩ જણાના હાથમાં લાકડી હતી, તેનો નામ જોગ ઉલ્લેખ છે. હાલના આરોપીએ કોઈને માર્યું હોય કે આરોપીના હાથમાં કોઈ હથિયાર હોય તેવી પણ કોઈ વિગતો એફ. આઈ. આર. માં જણાવવામાં આવી નથી. માત્ર શંકાના આધારે હાલના આરોપીને ખોટી રીતે આ બનાવમાં સંડોવી દેવામાં આવ્યા છે. એક જ બનાવ હતો જેની અલગ અલગ બે એફ. આઈ. આર. કરવામાં આવી અને તેમ કરીને આરોપીને જાણી જોઈને બે અલગ અલગ કેસમાં સંડોવી દેવામાં આવ્યા છે. કોઇ આરોપી પાસે જ્વલનશીલ પદાર્થ મળ્યો નથી. આરોપીનું કોઈ ઓવર્ટ એક્ટ ન હતું. ગુનાની તપાસ પુરી થઈ છે. અગાઉ અન્ય આરોપીને રેગ્યુલર જામીન આપેલા જ છે. આરોપી બહિયલ ગામમાં રહેતા નથી, પરંતુ બીજા ગામમાં રહે છે. આરોપી બનાવ વખતે હાજર ન હતા, તેવું બતાવવા ત્રાહિત વ્યકિતનું એફિડેવિટ પણ રજૂ કરેલ છે. તેથી જામીન મુકત કરવામાં આવે તો કોઇ અવળી અસર તપાસને થાય તેમ નથી. અરજદાર જે કોઇ શરતો મુકવામા આવે તેનુ પાલન કરવા તૈયાર છે. આરોપી કુટુંબ કબીલાવાળા

વ્યક્તિ છે. ક્યાંય નાસી ભાગી જાય તેવા નથી. પરિવારનો આધાર છે. તેથી, આગોતરા જામીન પર મુકત કરવા વિનંતી કરેલી છે.

**4.** વિધ્વાન જિલ્લા સરકારી વકીલશ્રીએ રજુઆત કરી છે કે, આ ગુનામાં અરજદારનું ઈન્વોલ્વમેન્ટ છે તેવી હકીકતો પોલીસ તપાસમાં બહાર આવી છે. હાલના આરોપી ઘણાં સમયથી નાસતાં–ભાગતાં રહે છે. તપાસ કરનાર અમલદાર પાસે હાજર થયા નથી. આ ઉપરાંત, જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો ગુનાનું સ્વરૂપ જોતાં ખોટો મેસેજ જાય તેવી સંભાવના છે. હાલના અરજદારનું પ્રથમ દર્શનિયરીતે ગુનામાં ઈન્વોલ્વમેન્ટ છે. તેથી, અરજદારની આગોતરા જામીન અરજી નામંજૂર કરવાં વિનંતી કરેલ છે.

**૫. મારૂ એવું માનવું છે કે, અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય નથી તેના કારણો નીચે પ્રમાણે છે:**

**એ.** પોલીસ તપાસ પૂર્ણ થઈ છે અને જે આરોપીઓની ધરપકડ કરવામાં આવી તેની સામે પોલીસે ચાર્જશીટ દાખલ કરી છે. હજી ૮૩ જેટલા આરોપીઓ પકડવાનાં બાકી છે અને તેમની સામે ચાર્જશીટ કરવાનું બાકી છે તેવું પોલીસે રજુ કરેલ પેપર્સમાં જણાઈ રહયું છે.

**બી.** હાલનો અરજદાર આ ગુનામાં સામેલ છે તેવું પોલીસ તપાસમાં જે નિવેદનો નોંધવામાં આવ્યા તેમાં જણાવ્યું છે. જે એફ.આઈ.આર. નોંધવામાં આવી છે તેમાં ૨૦૦ કરતાં વધારે માણસોના ટોળા દવારા ગુનો કરવામાં આવ્યો હોવાનું ફલિત થયેલું છે અને હાલના અરજદાર આ ગુનામાં સામેલ હતા તેવું તપાસ કરનાર અમલદારને તપાસ દરમ્યાન જણાયું છે અને તે હકીકત


*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

તપાસ કરનાર અમલદારે એફિડેવીટ ઉપર જાહેર કરેલી છે. તે સંજોગોમાં ગુનામાં પ્રથમ દર્શનિય રીતે આરોપીનું ઈન્વોલ્વમેન્ટ છે.

**સી.** મૃત્યુ નિપજાવવાના પ્રયાસનો ગુનો નોંધાયેલો હોય, ગુનામાં ઘણી બધી મિલકતોને નુકસાન પહોંચાડવામાં આવેલું હોય અને લગભગ રૂા.૭૬,૦૦,૦૦૦/- રૂપિયા કરતા વધુ રકમનું મિલકત અને વાહનોને નુકસાન પહોંચાડેલું હોય, પોલીસ કર્મચારી ઉપર પણ હુમલો કરવામાં આવ્યો તેવી હકીકત ખુલવા પામેલી હોય, ગુનાની ગંભીરતા જોતાં અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય લાગતું નથી.

**ડી.** વધુમાં, અહીં એ નોંધ કરીએ છીએ કે, અરજદારની ધરપકડ કરવી પડે તેવા સંજોગો છે કે કેમ, તે ત.ક.અમલદારે નકકી કરી બી.એન.એસ.એસ. ની કલમ : ૩૫ ની જોગવાઈ અનુસરી કાર્યવાહી કરવાની રહે છે. પરંતુ અરજદારનું ગુન્હામાં ઈન્વોલ્વમેન્ટ છે તેવું ત.ક.અમલદારે એફિડેવિટ પર જાહેર કરતાં હોય, અરજદારને આગોતરા જામીન પર મુકત કરવાં યોગ્ય ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

सत्यमेव जयते
GANDHINAGAR

**:: <u>આખરી હુકમ</u> ::**

- અરજદારની હાલની આગોતરા જામીન અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **11 માર્ચ 2026** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Dated:11/03/2026 **[Virendrasinh Gemalsinh Rana]**
Place:- Gandhinagar. 6th Additional Sessions Judge, Gandhinagar.
**//M.D.C//** <u>GJ00964</u>


*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*